# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-10-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*************************************************

1) પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023માં ગુજરાત અને પુડુચેરીએ સંયુક્ત રીતે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
2) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે દેશભરમાં ઇથેનોલ બાયો-ઇંધણના 400 પંપ સ્થાપવામાં આવી રહ્યા છે.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અલ્જિરિયાની મુલાકાતનાં બીજા દિવસે આજે શહીદ સ્મારક મકામ ઇચહિદની મુલાકાત લીધી અને પુષ્પાંજલિ અર્પણ કરી
4) વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે વિદેશમાં કામ કરતા ભારતીય કર્મચારીઓ માટે વેબ પોર્ટલ અને મોબાઇલ એપ રજૂ કરી
5) અમેરિકા સ્થિત અર્થશાસ્ત્રીઓ ડેરોન એસમોગલુ, સિમોન જ્હોન્સન અને જેમ્સ રોબિન્સનને અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર જીત્યો છે.
6) ભારતીય મહિલા ક્રિકેટ ટીમ 24થી 29 ઓક્ટોબર દરમિયાન અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે ત્રણ વન-ડે મેચની સિરીઝ રમશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## NEW JAL PUSAKAR

પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023માં ગુજરાત અને પુડુચેરીએ સંયુક્ત રીતે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયે આજે કરેલી

જાહેરાત પ્રમાણે રાજ્યોની શ્રેણીમાં ઓડિશાએ પ્રથમ જ્યારે ઉત્તરપ્રદેશે બીજું સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 22મી ઓક્ટોબરે નવી દિલ્હીમાં આ પુરસ્કાર એનાયત કરશે. તેમાં નવ શ્રેણીમાં સંયુક્ત વિજેતાઓ સહિત કુલ 38 વિજેતાઓને પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે. દરેક પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર, એક ટ્રોફી અને કેટલીક શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે.

નવી દિલ્હીમાં આજે  એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જળ વ્યવસ્થાપનનાં મહત્વ અંગે લોકોને જાગૃત કરવા બદલ વિજેતાઓની પ્રશંસા કરી. તેમણે એમ પણ જણાવ્યું કે, જળ શક્તિ મંત્રાલય રાષ્ટ્રીય સ્તરે જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે વ્યાપક અભિયાન ચલાવી રહ્યું છે.

## GADKARI-BIOFUEL

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે દેશભરમાં ઇથેનોલ બાયો-ઇંધણના 400 પંપ સ્થાપવામાં આવી રહ્યા છે. તેઓ આજે નવી દિલ્હીમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી-CII દ્વારા આયોજિત બાયો એનર્જી સમિટ 2024માં બોલી રહ્યા હતા. સભાને સંબોધતા, મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે સરકાર ત્રણ અલગ-અલગ ઓટોમોબાઇલ બ્રાન્ડ્સ દ્વારા ફ્લેક્સ-એન્જિન વાહનો લોન્ચ કરવા માંગે છે.

તેમણે કચરાનું સીએનજી, ઇથેનોલ અને મિથેન જેવા જૈવિક ઇંધણમાં રૂપાંતરણ કરવાની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશમાં જૈવિક ઇંધણ આર્થિક રીતે પોષણક્ષમ છે. જૈવિક ઇંધણનાં ફાયદા અંગે તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું.

(Byte Nitin Gadkari)

## PREZ-VISIT ALGERIA

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અલ્જિરિયાની મુલાકાતનાં બીજા દિવસે આજે શહીદ સ્મારક મકામ ઇચહિદની મુલાકાત લીધી અને પુષ્પાંજલિ અર્પણ કરી. રાષ્ટ્રપતિએ મૌદજાહિદના રાષ્ટ્રીય સંગ્રહાલયની પણ મુલાકાત લીધી, જ્યાં ફ્રેન્ચ સંસ્થાનવાદ વિરુદ્ધ અલ્જિરીયાનો સંઘર્ષ સંગ્રહિત છે. અલ મૌરાડિયા પેલેસ ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અલ્જિરીયાના રાષ્ટ્રપતિ અબ્દેલમદજીત તેબ્બૌન સાતે દ્વિપક્ષીય બેઠક કરી અને પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા ચાલુ છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ અલ્જિરીયા-ભારત આર્થિક મંચને પણ સંબોધન કરશે.**

## DELHI POLICE NASHAMUKT BHARAT

દિલ્હી પોલિસે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત આ મહિનામાં અત્યાર સુધી 13 હજાર કરોડ રૂપિયાની કિંમતમાં માદક પદાર્થો જપ્ત કર્યા છે. દિલ્હી પોલિસની આ સફળતા બદલ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં દિલ્હી પોલિસને માદક પદાર્થોની જપ્તીનાં સફળ અભિયાન માટે અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું કે, નશીલી દવાઓ અને માદક પદાર્થોનાં વેપાર સામેનું અભિયાન કોઈ પણ પ્રકારની ઢીલાશ વિના ચાલુ રહેશે. શ્રી શાહે જણાવ્યું કે, સરકાર યુવાનોને નશીલી દવાનાં અભિશાપમાંથી બચાવીને નશામુક્ત ભારત બનાવવા પ્રતિબધ્ધ છે.

## eMIGRATE V2.0 WEB PORTAL

વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકરે આજે દિલ્હીમાં eMigrate V2.0 વેબ પોર્ટલ અને મોબાઈલ એપનું ઉદઘાટન કર્યું. eMigrate પોર્ટલમાં 2.81 લાખ નોંધાયેલા વિદેશી કર્મચારીઓ છે. આ પોર્ટલ ભારતીય સ્થળાંતર કરનારાઓ માટે સલામત અને કાનૂની ગતિશીલતા ચેનલોને પ્રોત્સાહન આપે છે.

ડોક્ટર જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે eMigrate V2.0 પોર્ટલનું લોન્ચિંગ એ ભારતીયો માટે સુરક્ષિત, પારદર્શક અને સમાવેશી ગતિશીલતા બનાવવાના સરકારના પ્રયાસોનો પુરાવો છે. તેમણે કહ્યું કે પોર્ટલનું સુધારેલું સંસ્કરણ વિદેશી ધરતી પર કામ કરતા ભારતીય કામદારોના અધિકારો અને ગૌરવની સલામતી માટે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

શ્રી જયશંકરે કહ્યું કે, આ મહત્વપૂર્ણ છે કારણ કે તે ટકાઉ વિકાસ લક્ષ્યાંક માટેના 2030 એજન્ડાના 10મા ધ્યેયને અનુરુપ છે, જે વ્યવસ્થિત, સલામત, નિયમિત અને જવાબદાર સ્થળાંતર અને લોકોની ગતિશીલતાની સુવિધાને પ્રોત્સાહન આપે છે.

તેમણે જણાવ્યું કે, અભ્યાસ કરવા વિદેશ જતા અથવા તો વિદેશમાં વસતા ભારતીયો સરકારની વિદેશ નીતિના કેન્દ્રમાં છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

## NOBEL PRIZE ECONOMICS

**અમેરિકા સ્થિત અર્થશાસ્ત્રીઓ ડેરોન એસમોગલુ, સિમોન જ્હોન્સન અને જેમ્સ રોબિન્સનને અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર જીત્યો છે.**

**સંસ્થાઓ કઈ રીતે સમૃધ્ધિને આકાર આપે છે તે વિષય પર પાયાનું સંશોધન કરવા બદલ તેમની પસંદગી કરવામાં આવી છે.**

**રોયલ સ્વિડિશ એકેડેમી ઓફ સાયન્સિસે આર્થિક વૃધ્ધિને વેગ આપવામાં, અસમાનતા દૂર કરવામાં અને કાયદાનું શાસન સુધારવામાં સામાજિક સંસ્થાઓની**

**ભૂમિકાને ઉજાગર કરવા બદલ તેમની પ્રશંસા કરી છે. એસમોગલુ અને સિમોન જ્હોન્સન મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ્સ ઓફ ટેકનોલોજીમાં કાર્યરત છે, જ્યારે રોબિન્સન શિકાગો યુનિવર્સિટીમાં અધ્યાપન કરે છે.**

**અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર વિજેતાઓને 11 લાખ અમેરિકન ડોલર આપવામાં આવે છે.**

## INDIA CANADA DIPLOMATS

કેનેડામાં ભારતનાં હાઇ કમિશનર અને અન્ય રાજદ્વારીઓ કેનેડામાં ચાલી રહેલા એક તપાસ કેસમાં હિતધારકો હોવાનાં દાવાને ભારતે ભારપૂર્વક ફગાવી દીધા છે. આ અંગે કેનેડા સરકારને જવાબ આપતા વિદેશ મંત્રાલયે આ દાવાને આરોપવિહોણો ગણાવીને જણાવ્યું કે, કેનેડાની ટ્રુડો સરકારનો આ વોટ બેન્કનાં રાજકારણનો એજન્ડા છે.

મંત્રાલય તરફથી જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટ્રુડો સરકારે ભારત પર કેટલાંક આરોપ લગાવ્યા હતા અને ભારત તરફથી સતત સાબિતી માંગવા છતાં કેનેડા સરકારે હજુ સુધી કોઈ જવાબ નથી આપ્યો. કેનેડા સરકારે જે તાજા આરોપ લગાવ્યા છે, તે પણ સાબિતી વગરનાં છે.

વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે, કેનેડામાં ગેરકાયદેસર રીતે રહેતા કેટલાંક લોકોને ઝડપથી ત્યાંનું નાગરિકત્વ આપવામાં આવ્યું, જ્યારે ત્યાં રહેતા આતંકવાદીઓ અને સંગઠિત ગેંગનાં વડા માટે ભારત સરકારે કરેલી પ્રત્યાર્પણ માંગણીનો અસ્વીકાર કરવામાં આવે છે.

## T 20 ODI SERIES NEW ZEALAND

દુબઇમાં 20 ઓક્ટોબરે મહિલાઓનાં ટી 20 વિશ્વકપની સમાપ્તિ બાદ ભારત 24થી 29 ઓક્ટોબર દરમિયાન ન્યૂઝીલેન્ડ સામે ત્રણ વન-ડે મેચની સિરીઝ રમશે. ત્રણેય મેચ અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. 2025માં

રમાનાર મહિલાઓનાં ટી 20 વિશ્વકપનું યજમાન ભારત આ સ્પર્ધા માટે આપોઆપ પાત્ર ઠર્યું છે. ચેમ્પિયનશીપ ટેબલમાં ભારત ઉપરાંત ટોચની પાંચ ટીમ મુખ્ય સ્પર્ધામાં રમશે, જ્યારે બાકીની ચાર ટીમોએ વિશ્વકપમાં સ્થાન મેળવવા ક્વોલિફાયર રાઉન્ડમાં જીતવું પડશે.

## 5G Roll out

કેન્દ્રીય દૂરસંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે જણાવ્યું હતું કે ભારતે માત્ર 22 મહિનામાં 80 ટકા વસ્તીને આવરી લેતા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 5G ટેલિકોમ સેવાઓ શરૂ કરી છે. નવી દિલ્હીમાં 5મા વૈશ્વિક માપદંડ પરિસંવાદનાં ઉદઘાટન સત્રને સંબોધતા શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે, 5G સેવાઓથી વર્ષ 2040 સુધીમાં અર્થતંત્રમાં 45 કરોડ અમેરિકન ડૉલરનું રોકાણ થવાની અપેક્ષા છે.

તેમણે જણાવ્યું કે, આ પરિસંવાદ વૈશ્વિક સંવાદ માટે દીવાદાંડી તરીકે કામ કરશે, જેનાથી માપદંડો પર સર્વસંમતિ ઊભી થશે જે નવી ટેકનોલોજીના વૈશ્વિક પ્રારંભને સમર્થન આપશે. મંત્રીએ જણાવ્યું હતું કે, વિશ્વ ટેક્નોલોજી અને નવીનતામાં પરિવર્તનનું સાક્ષી છે, તેથી માપદંડો અને નિયમોનો ખ્યાલ વધુ મહત્વપૂર્ણ બન્યો છે. તેમણે કહ્યું કે, ભારતમાં પ્રથમ વખત વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઇઝેશન એસેમ્બલી (WTSA) નું આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સોથી વધુ દેશોના નેતાઓ નવી દિલ્હીમાં હાજર છે.

## IMD

હવામાન વિભાગે કેરળના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. ઇડુક્કી, માલાપુરમ, કોઝિકોડી અને વાયનાડ સહિત ચાર જિલ્લાઓમાં અતિ ભારે વરસાદની આગાહી છે.

દરમિયાન આગામી 17 ઑક્ટોબર સુધી તમિલનાડુમાં ભારે વરસાદની શક્યતા છે. જેને લઈને મુખ્યમંત્રી એમ. કે સ્ટાલિને બેઠક યોજી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

હવામાન વિભાગે બંગાળની ખાડીમાં સર્જાયેલા દબાણને કારણે, આગામી 17 તારીખ સુધી, દક્ષિણ આંધ્ર પ્રદેશ અને તમિલનાડુના અંતરિયાળ ભાગો, ઉપરાંત અન્ય કેટલાક રાજ્યોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.